# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 01-04-2022

- **એક તરફ વીજળી ની મોંકાણ, બીજી તરફ ખાતરમાં ભાવ વધારાથી ખેડૂતો – ખેતી – ગામડા થઈ રહ્યાં છે બરબાદ : ગુજરાતના ખેડૂતો પર 90,000 કરોડ રૂપિયાનું જંગી દેવું.**
- **ડી.એ.પી. માં ૧૫૦ રૂપિયા. એન.પી.કે મા ૨૮૫ રૂપિયાનો તોતિંગ ભાવ વધારો.**
- **સરકારના ના.. ના કહેતી રહી પણ આખરે ખેડૂતોને લૂંટવાનું શરૂ, ખેડૂતોને પડ્યા પર પાટું, ખાતરના ભાવમાં ધરખમ વધારો.**

રાજ્યના 58 લાખ ખેડૂતો છેલ્લા ત્રણ મહિનાથી વિજળીની અનિયમિતતાથી સતત પરેશાન થઈ રહ્યાં છે અને માત્ર 2 થી 4 કલાક જ વિજળી ખેડૂતોને મળી રહી છે. વીજળી ની મોકાણ વચ્ચે હવે ગુજરાતના ખેડૂતો માટે વધુ એક મુશ્કેલી – પરેશાનીના સમાચાર ભાજપ સરકારે આપ્યો છે. રાસાયણિક ખાતરના ભાવમાં આજે ધરખમ વધારો કરવામાં આવતાં ખેડૂતો ને મોટો ઝટકો મળ્યો છે ખાતરના ભાવમાં આજે ડી.એ.પી માં ૧૫૦ રૂપિયા. એન.પી.કે મા ૨૮૫ રૂપિયા નો વધારો થયો છે સરકાર અને વડાપ્રધાન દ્વારા ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બામણી કરવાની વાત કરી હતી પરંતુ હાલની પરિસ્થિતિમાં ખેત પેદાશોના નહીં પરંતુ ખેડૂતોની હાલત કફોડી બની જવા સાથે સરકાર ની આવક બમણી અને ખેડૂતોથી આવક અડધી થઈ રહી છે ત્યારે ખેડૂત, ખેતી અને ગામડાને બરબાદ કરવાની ભાજપાની નિતી પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પેટ્રોલ.ડીઝલ.સીએનજી.પીએનજી તેમજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના રોજેરોજ વધતા ભાવના કારણે ધરતીપુત્રો તેમજ રાજ્યના સામાન્ય નાગરિકો પરેશાન છે આજે અચાનક ખાતરના ભાવમાં ધરખમ ભાવ વધારો કરતા ખેડૂતોની હાલત કફોડી બની છે અને ગુજરાતના ખેડૂતો પર સૌથી મોટો બીજો ફટકો ઝીંકાયો છે. ઈફકો કંપની એ છેલ્લા એક વર્ષમાં રાસાયણિક ખાતરોના ભાવોમાં તોતિંગ ભાવ વધારો કર્યો છે ત્યારે આજે ખાતરના ભાવમાં ફરી એકવાર વધારો થતાં જગતના તાત માટે મુશ્કેલી ઊભી થઈ છે ડીએપી. પોટાશ. એન.પી.કે અને યુરિયા ના ભાવ આસમાનને આંબતા ખેડૂતો ત્રાહીમામ છે. વારંવાર વધતા ખાતર ના ભાવે ખેડૂતોની કમર તોડી નાખી છે. સતત વધતા વિજળી, ખાતર, સિંચાઈના પાણી, જંતુનાશક દવા, બિયારણને કારણે ગુજરાતના ખેડૂતો 90,000 કરોડ જંગી દેવાદાર બન્યો છે. એક તરફ ભાજપ સરકાર ખેડૂતોને 4 કલાક પૂરતી પણ વિજળી અપાતી નથી. બીજી તરફ ખેડૂતોને સિંચાઈ માટે વીજળી ની મોકાણ લઈને પાક કેવી રીતે બચાવવો તેની મુશ્કેલી સર્જાઈ છે. ત્યારે હવે ખાતર ના ભાવો વધારી ખેડૂતોની કમર તોડી નાંખી છે એક બાજુ ખેતી સાથે સંબંધીત તમામ વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે અને બીજી બાજુ ખેડૂતોના ઉત્પાદિત શેરડી.ડાંગર. કપાસ.મગફળી. સહિતના પેદાશોના ભાવ સતત ઘટતા જઈ રહ્યા છે પેટ્રોલ-ડીઝલના ભાવ વધતાં ખેતી કરવામાં ઉપયોગી ટ્રેક્ટર અને અન્ય સાધનો ના ભાવમાં પણ વધારો થઇ રહ્યો છે ખેડૂતોને ખેતીમાં ઉપયોગી વસ્તુઓના ભાવમાં સતત વધારો અને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો ખેડૂતો ને નહીં મળવાને કારણે ખેડૂતોની હાલત દયનીય બની જવા પામી છે ત્યારે આજે ખાતરના ભાવ વધારો ખેડૂતોને વધુ એક પડ્યા પર પાટું સમાન છે સરકાર અને વડાપ્રધાન દ્વારા ૨૦૨૨ સુધી માં ખેડુતો ની આવક બમણી કરવાની વાત હતી પરંતુ હાલની પરિસ્થિતિમાં ખેત પેદાશોના નહીં પરંતુ ખેતીમાં ઉપયોગી સાધનો અને રાસાયણિક ખાતરોના ભાવ વધતા ચીજવસ્તુઓના ભાવ ડબલ થઇ ગયા છે અને ખેડૂતોની આવક ડબલ થવાને બદલે ખેડૂતોની આવક અડધી થઈ ગઈ છે જે માટે ભાજપા સરકારની ખેડૂત વિરોધી નીતિ સીધી જવાબદાર છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા